આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થીઓને આપવામાં આવતી સવલતો બુટ-મોજા અને સ્ટેશનરી DBT મારફત ચૂકવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃઅનશ/૧૨૨૦૨૦/૫૬૩/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૨૪/૦૭/૨૦૨૦

**વંચાણે લીધાઃ-**

(૧) આ વિભાગનો તા.૨૩/૦૩/૨૦૦૭ નો ઠરાવ ક્રમાંક: અનશ/૧૦૨૦૦૬/ન.બા.૩૦/અ.૧

(૨) આ વિભાગનો તા.૨૩/૦૩/૨૦૦૭ નો ઠરાવ ક્રમાંક: અનશ/૧૦૨૦૦૬/ન.બા.૩૧/અ.૧

(૩) આ વિભાગનો તા.૨૩/૦૩/૨૦૦૭ નો ઠરાવ ક્રમાંક: અનશ/૧૦૨૦૦૬/ન.બા.૩૨/અ.૧

(૪) આ વિભાગનો તા.૨૩/૦૩/૨૦૦૭ નો ઠરાવ ક્રમાંક: અનશ/૧૦૨૦૦૬/ન.બા.૩૩/અ.૧

(૫) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૩/૦૩/૨૦૨૦નો પત્ર ક્રમાંક:વિજાક/આનિશા/બૂ.સ્ટે./૧૯-૨૦/૧૭૪-૧૭૫

**ઠરાવ:-**

વંચાણે લીધેલ ઠરાવ (૧),(૨),(૩) અને (૪)થી વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તક સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા અગરિયા જાતિ માટે ચાલતી આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થીઓને વિના મુલ્યે રહેવા, જમવા,ભણવાની સાથે ગણવેશ,બુટ-મોજા તથા સ્ટેશનરીની સુવિધા પણ પાડવામાં આવે છે. હાલના ધારા-ધોરણ મુજબ ખાતા હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થીઓને વિદ્યાર્થી દીઠ બુટ-મોજા માટે રૂ.૨૦૦/- તથા સ્ટેશનરીની માટે રૂ.૨૦૦/- ચૂકવવામાં આવે છે.

વંચાણે લીધેલ (૫) પરની નિયામકશ્રી(વિ.જા.ક.) દ્વારા કરવામાં આવેલ દરખાસ્ત અનુસાર આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થીઓને આપવામાં આવતી સવલતો બુંટ-મોજા અને સ્ટેશનરી DBT મારફત ચૂકવવા માટે ઠરાવની શરતોમાં જરૂરી સુધારા કરવા માટેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ થી ખાતા હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થી દીઠ આપવામાં આવતી સહાય અનુક્રમે બુટ-મોજા માટે રૂ.૨૦૦/- તથા સ્ટેશનરીની માટે રૂ.૨૦૦/- DBT મારફત ચૂકવવાની જોગવાઇ કરવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા)ની તા.૨૪/૦૬/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(દિપલ હડીયલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**પ્રતિ,**

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**નકલ રવાનાઃ-**

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૫) નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.

(૬) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૭) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૯) સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)

(૧૦) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૧૧) સેક્શન અધિકારીશ્રી(બ-શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય

(૧૨) સિલેકટ ફાઇલ